EDI

Sandesh

November 12, 2011
Page No. 3

ઈ.ડીઆઈમાં ઉદ્યોગોની ક્ષમતા વધારવા અંગેની વર્કશોપનું ઉદ્‌ઘાટન

અમદાવાદ : નાના અને મધ્યમ કદના ઉદ્યોગોમાં સ્પર્ધાત્મકતાની સાથે સમાજ, પર્યાવરણ અને આર્થિક બાબતો સાથે સંકળાયેલા મુદ્દે નવાં પગલાં લેવામાં આવે તેવા હેતુથી ગાંધીનગર પાસે આવેલા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ખાતે બે વર્કશોપ 'બિઝનેસ મેમ્બરશિપ ઓર્ગેનાઈઝેશન વિલ લીડ' અને કેપેસિટી બિલ્ડિંગ ઓફ બિઝનેસ મેમ્બરશિપ ઓર્ગેનાઈઝેશન'નું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું.

આ વર્કશોપ ડચ સંસ્થા ગેશેલશાફ્ટ ઈન્ટરનેશનલ ઝુસામ્મનાર્બિટ(જીઆઈઝેડ), સિડ્‌બી અને ઈડીઆઈના સહયોગથી યોજવામાં આવી છે. ઉદ્‌ઘાટન પ્રવચનમાં જીઆઈઝેડના સસ્ટેનેબલ ઈકોનોમિક ડેવલપમેન્ટના ટેકનિકલ સલાહકાર ડૉ. રિચાર્ડ એંગ્લેમેરે જણાવ્યું કે, 'જર્મની અને ભારતના એમએસએમઈ ક્ષેત્ર વચ્ચે ઘણી સમાનતા છે. આ ક્ષેત્રની અવગણના કરવામાં આવે તો સર્વાંગી વિકાસ શક્ય નથી. સર્વાંગી વિકાસ માટે બિઝનેસ મેમ્બરશિપ ઓર્ગેનાઈઝેશન (બીએમઓ)ની ક્ષમતા વધારવી જરૂરી છે.' સિડ્‌બીના જનરલ મેનેજર ડૉ. આર. કે. દાસે બીએમઓની મુખ્ય સમસ્યાઓ દર્શાવી હતી. તેમણે સાતત્યતા અને સંકલન વધારવાને મહત્ત્વ આપ્યું હતું. ઈડીઆઈના ડાયરેક્ટર ડૉ. દિનેશ અવસ્થીએ કંપનીઓના લાંબાગાળાના વિકાસ માટે દૂરંદેશી, સારું નેતૃત્વ અને કુશળ કર્મચારીઓની આવશ્યકતા પર ભાર મૂક્યો હતો. આ વર્કશોપ ત્રણ તબક્કામાં યોજાવાની છે.